# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં તા.૦૯/૦૪/૧૭ ને રવિવાર ના રોજ અઠવાગેટ સર્કલ થી રીંગરોડ થઈ દિલ્હીગેટ ચારરસ્તા થઈ પટેલવાડી સુધીના વિસ્તારમાં આરોગ્ય વિભાગ ધ્વારા ગૃપસફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે કામગીરીની વિગત નીચે મુજબ છે.

સદર ઝુંબેશમાં આરોગ્ય વિભાગના ૩૯ સુપરવાઈઝર સ્ટાફ તથા ૧૫૨ સફાઈ કામદારો ધ્વારા ૦૭ ટ્રેકટરો સાથે રાખી સદર અભિયાન હાથ ધરવામાં આવેલ હતું.

આરોગ્ય વિભાગ ધ્વારા ૨૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૩૨ નોટીસ આપવામાં આવેલ તેમજ જાહેરમાં ન્યુસન્સકર્તા ૧૪૨ ઈસમ પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૩૮,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીક ૧૪ કિ.ગ્રા. જપ્ત કરેલ છે તેમજ ૧૭ હોટલ/રેસ્ટોરન્ટ ચેક કરી ૪૫ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરેલ છે. આ ઉપરાંત ૦૩ ટ્રાફીક સર્કલ તથા ૦૧ પ્રતિમાની સફાઈ કરાવવામાં આવેલ છે. પાણીજન્ય રોગો અને મચ્છરજન્ય રોગોની અટકાયત બાબતે પ્રચાર પ્રસાર કરવામાં આવેલ છે. આ ઉપરાંત વિસ્તારમાં તથા કન્ટેનર સ્પોટની આજુબાજુ ૨૩૫૦ કિ.ગ્રા. જેટલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે તેમજ જાહેર માર્ગ પર લગાડવામાં આવેલ ૫૪ બેનરો ઉતારી લેવામાં આવેલ છે.

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૦૮/૦૪/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં આદમનીવાડી,આ.બા.નો વિસ્તાર,ગોપીપુરા,મોમનાવાડ,કાપડીયાગલી,સલમાબીબી ચાલ,અશરફીગલી,ટંડેલ મસ્જીદની ગલી,તૈયબી મહોલ્લો,સૈફી મહોલ્લો જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં કૃષ્ણનગર સોસાયટી,ધોયા મોહલ્લો,લુહાર મોહલ્લો,ભ્રામણ ફળિયુ,જય અંબે સોસા.કોળીવાડ,નંદવન,હળપતિ વાસ,મહાદેવ મોહલ્લો,શારદા મોહલ્લો,પટેલફળિયુ,પાલન પુર ગામ,માયાકેશુ સ્ટ્રીટ,જદુરામ સ્ટ્રીટ,વેદરાજ એપાર્ટમેન્ટ જેવા વિસ્તારમાં,ઉધના ઝોનમાં વ્હોરા કબ્રસ્તાન,ગાંધીનગર બ્લોક પટેલ ફળિયું,પાંડેસરા ગામ,પ્રિયંકા ગ્રીન પાર્ક,હીરાનગર,લક્ષ્મી નગર,સત્યનારયણનગર,રેહમતનગર,ઈ.ડબલ્યુ.એસ. આવાસ જેવા વિસ્તારોમાં લિંબાયત ઝોનમાં ખાનપુરા,છત્રપતિ શિવાજીનગર,ચીમની ટેકરા,ગાંધીનગર,સલીમનગર,જવાહર નગર,નહેરૂ નગર,લક્ષ્મીનારાયણનગર–૧,૨,રઘુકુળનગર,શ્રીહરીનગર,સહજાંનદનગર,ભકતી રેસીડેન્સી,શ્રધ્ધા સોસાયટી વિભાગ –૧,૨ સંતોષનગર, ભગવતીનગર, શંકરનગર જેવા વિસ્તારોમાં અઠવા ઝોનમાં પો.બ્લોક તથા સરકીટ ।ઉસ,ખેતીવડી। કપાસ ખાતુ, જુવાર ખાતુ,હેડગેવાર નગર,ટેનામેન્ટ ૧,૨,તળાવ ફળિયું,ભીમરાડ હળપતિવાસ,હરીઓમનગર જેવા વિસ્તારોમાં,કતારગામ ઝોનમાં નાસીરનગર, અપ્સરાનગર, ઈટવાલાની ચાલ,આંબાતલાવડી,મામાદેવ નગર,હળપતિવાસ,અમરોલી એચ–૧ આવાસ જેવા વિસ્તારોમાં,વરાછા ઝોનમાં મોહનની ચાલ, ખાડી મહોલ્લો, વર્ષાનો પોપડો,લક્ષ્મીનગર સો.,સુથારપંચની ચાલ, રાણાપંચની વાડી, કૃષ્ણનગર સો., મરઘાકેન્દ્ર, ટાંકીપાળ ઝું.રાધેશ્યામ સો.,મારૂતીધામ સો.,રાધેશ્યામ સો.,મારૂતીધામ સો., જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **1487** | **76355** | **286** | **10163** | **966** | **1809** | **123** | **84250** | **74** | **26186** | **8763** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

"આંબેડકર જયંતી" નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૮/૦૪/૧૭ના રોજ ડ્રાય ડે મચ્છર નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાંયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૪/૦૪/૧૭ના રોજ "આંબેડકર જયંતી" નિમિતે તા.૦૮/૦૪/૧૭ ના રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૮/૦૪/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./આરોગ્યનો સ્ટાફ તેમજ NGOના પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૬૬૮૬ | ૨૭૩૪૪ | ૨૮૬ | ૧૦૧૬૩ | ૯૬૬ | ૧૫૪૩ | ૧૧૯ | ૮૪૨૫૦ | ૭૪ | ૨૪૭૮૫ | ૮૩૧૧ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરના ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

"આંબેડકર જયંતી" નિમિત્તે તા.૦૭/૦૪/૧૭ના રોજ દરેક ઝોનનાં સ્લમ વિસ્તારમાં તુટી ગયેલ પેવર બ્લોક/પત્થર રીપેરીંગ–રીસેટ કરવાની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૪/૦૪/૧૭ના રોજ "આંબેડકર જયંતી" નિમિતે તા.૦૭/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં સ્લમ વિસ્તારમાં તુટી ગયેલ પેવર બ્લોક/પત્થર રીપેરીંગ–રીસેટ કરવાની કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૭/૦૪/૧૭ના રોજ દરેક ઝોન વિસ્તારમાં આરોગ્ય/ઈજનેર વિભાગનાં સ્ટાફની સંયુકત ટીમો બનાવી ઈજનેર વિભાગ/ઈજારદારનાં સ્ટાફ મારફતે ઝોનમાં આવેલ સ્લમ વિસ્તારમાં તુટી ગયેલા બ્લોક/પત્થરોનું રીપેરીંગ/રીસેટ કરવાની કામગીરી પુરી કર્યા બાદ આરોગ્ય વિભાગની ટીમ ધ્વારા ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કરાવી માટી મિશ્રીત કચરો વિગેરેનો નિકાલ કરાવ્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવની કામગીરીઓ કરાવવામાં આવેલ હતી.

| પેવર બ્લોક/પત્થરો રીપેરીંગ કર્યાની સંખ્યા | સ્લમ વિસ્તારમાં પેવર બ્લોક/પત્થર રીપેરીંગ–રીસેટ | | | | |
|---|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | ઈજનેર/આરોગ્ય કામદાર | ઈજારદારનાં કામદાર | નિકાલ કરેલ કચરો/કચરા મિશ્રીત માટી (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
| ૨૭ | ૧૫ | ૬૮ | ૫૪ | ૧.૨૫૦ | ૬૫૦ |

વધુમાં આ સંયુકત ટીમ ધ્વારા સ્લમ વિસ્તારમાં વસવાટકર્તાઓને તેઓનાં ઘરમાંથી નીકળતો ભીનો/સુકો કચરો એકત્રિત કરવા માટે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

<u>**વિષય**</u> : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૦૭ થી ૦૯–૦૪–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૧૪૧ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૩૭૧ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાધ પદાર્થોનું ૪૬૬ સ્થળે ચેકીગ કર્યુ, જે પૈકી ૧૪૫ સંસ્થાઓને નોટીસ આપી તથા ૧૩સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાધ પદાર્થ વેચતી સંસ્થાઓ ૧૩૫ ચેકી કરી જે પૈકી ૪૭ સંસ્થાઓને નોટીસ આપીતથા ૪સંસ્થાઓને બંધ કરાવેલ હતી.દુધની ડેરી– ૧૦૦ ચેકી કરી જે પૈકી ૧૯ સંસ્થાઓને નોટીસ આપી.બરફની ફેકટરી કુલ ૨૧ સંસ્થા ચેક કરી તે પૈકી ૭ સંસ્થાઓને નોટીસ આપી.બરફનું વેચાણ કરનાર સંસ્થા ૬૦ ચેક કરી જે પૈકી ૭ સંસ્થાઓને નોટીસ આપીતથા ૧સંસ્થાઓને બંધ કરાવેલ હતી.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત બી.આર.ટી.એસ બસ સર્વિસમાં આજ રોજ પાલ આર.ટી.ઓ. થી કોસાડ રૂટ ઉપર શ્રી આદીનાથ બલ્ક કેરિયર્સ દ્વારા ચલાવવામાં આવતી ટાટા મોટર્સ લી. બનાવટની બી.આર.ટી.એસ મીડી બસ નંબર **GJ-05-BX-2290** તેના ઓપરેશનલ શીડ્યુલ મુજબ કોસાડ થી પાલ આર.ટી.ઓ. ટ્રીપ દરમ્યાન સદરહુ બસ સવારે આશરે ૧૧:૧૫ કલાકે રૂષભ ચાર રસ્તા ટ્રાફિક સિગ્નલ પર ઉભી રાખેલ હતી. તે સમયે દરમ્યાન બસના ડ્રાઇવરને બસના એન્જીનમાં ધુમાડો નીકળતો જણાતા તેઓ એ પોતાની સમય સૂચકતા વાપરીને બસનાં તમામ દરવાજા ખોલી કાઢેલ અને બસનું એન્જીન તાત્કાલીક બંધ કરી બસમાં મુસાફરી કરતા તમામ મુસાફરોને ડ્રાઇવર દ્વારા સહી સલામત રીતે બસમાંથી ઉતારવામાં આવેલ હતા. ત્યારબાદ અચાનક બસમાં આગ લાગેલ જેની જાણ ફાયર બ્રિગેડને કરતા ફાયર બ્રિગેડ દ્વારા આગ હોળવવામાં આવેલ છે. આ ઘટનામાં મુસાફરોને કોઇપણ પ્રકારની ઇજા કે જાનહાનિ થયેલ નથી. આ બનાવ બાદ અત્રેથી બસની ઉત્પાદક કંપની ટાટા મોટર્સ લી. રૂબરૂ બોલાવી આગ લાગવાના કારણોની તપાસ કરી રિપોર્ટ તાકિદે આપવા સૂચના આપવામાં આવેલ છે.

૩૨

"આંબેડકર જયંતી" નિમિત્તે તા.૧૦/૦૪/૧૭ના રોજ દરેક ઝોનનાં સ્લમ વિસ્તારમાં આવેલ ખુલ્લી ગટર તેમજ જાજરૂ ગલીની સફાઈની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાંયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૪/૦૪/૧૭ના રોજ "આંબેડકર જયંતી" નિમિતે તા.૧૦/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં સ્લમ વિસ્તારમાં આવેલ ખુલ્લી ગટર તેમજ જાજરૂ ગલીની સફાઈની કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૦/૦૪/૧૭ના રોજ દરેક ઝોન સ્લમ વિસ્તારમાં આરોગ્ય/ઈજનેર વિભાગ તથા ઈજારદારનાં સ્ટાફની સંયુકત ટીમો ધ્વારા સ્લમ વિસ્તારમાં આવેલ ખુલ્લી ગટર ઈજનેર/ઈજારદારનાં સ્ટાફ મારફત સફાઈ કામગીરી કરાવી તુટેલ ખુલ્લી ગટરોનું રીપેરીંગ કામ કરવામાં આવેલ હતું. ત્યારબાદ આરોગ્ય વિભાગની ટીમો ધ્વારા ખુલ્લી ગટરની આજુબાજુ તથા સદર સ્થળએ આવેલ જાજરૂ ગલીઓની સફાઈ કામગીરી કરાવી કચરો–કચરામિશ્રિત માટીનાં ઢગલાઓનાં નિકાલ કરાવ્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવની કામગીરીઓ કરાવવામાં આવેલ હતી.

| ખુલ્લી ગટર/જાજરૂ ગલીઓ સફાઈ કરાવ્યાની સંખ્યા | સ્લમ વિસ્તારમાં ખુલ્લી ગટર અને જાજરૂ ગલીઓની સફાઈ માટે રોકવામાં આવેલ સ્ટાફ | | | | |
|---|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | ઈજનેર/આરોગ્ય કામદાર | ઈજારદારનાં કામદાર | નિકાલ કરેલ કચરો/કચરા મિશ્રીત માટી (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
| ૮૨ | ૩૪ | ૧૨૭ | ૧૧૫ | ૧.૦૫૦ | ૬૨૩ |

વધુમાં આ સંયુકત ટીમ ધ્વારા સ્લમ વિસ્તારમાં વસવાટકર્તાઓને તેઓનાં ઘરમાંથી નીકળતો ભીનો/સુકો કચરો એકત્રિત કરવા માટે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા. ૧૧ /૦૪ / ૨૦૧૭

**પૂર્વ(વરાછા)ઝોનના મગોબ–ડુંભાલ વિસ્તારમાં ટી.પી. રીઝર્વેશના કબજા લેવાની કામગીરી.**

અત્રેના પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં આવેલ પ્રિ.ટી.પી. સ્કીમ નં.૫૩(મગોબ–ડુંભાલ), ફા.પ્લોટ નં.૯૩ કે જે સબ સેન્ટરના હેતુ માટે રીઝવર્ડ રાખવામાં આવેલ છે. રીઝર્વેશન પ્લોટમાં સ્થિત પુજા ગેસ એજન્સીની કંપાઉન્ડ વોલ/ફેન્સીંગ, આશરે ૧૦' ×૧૦' ના માપ વિસ્તારમાં બનાવેલ ઓફીસ, ૧૦' × ૧૧' ના માપ વિસ્તારમાં બનાવેલ ગોડાઉન તથા ૩ (ત્રણ) કાચા ઝુંપડા તોડી દુર કરી, ૩૩૮૦.૦૦ ચો.મી. રીઝર્વેશન પ્લોટ ખુલ્લો કરી પ્રત્યક્ષ કબજો મેળવવામાં આવેલ છે.

સદર રીઝર્વેશન પ્લોટનો કબજો મેળવવવાની કામગીરી પૂર્વ(વરાછા)ઝોન ના એડી.સીટી ઈજનેરશ્ર(સિવીલ)ની સૂચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રી દેખરેખ તેમજ માર્ગદર્શન હેઠળ ઝોનના શહેર વિકાસ વિભાગના ધ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૧૧ /૦૪ / ૨૦૧૭

**પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ અલગ અલગ વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી બાબત.**

(૧) મોજે : મોટા વરાછા ગામતળ લાગુ ટી.પી. સ્કીમ નં.૧૮(મોટા વરાછા) માં સૂચિત ૩૬.૦૦ મી. ટી.પી. રસ્તાની અસરમાં આવતા કાચા/પાકા ઓટલા તેમજ મિલકતનું ડિમોલીશન કરી આશરે ૧૩૫૦૦.૦૦ ચો.ફુટ રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો.

(૨) ટી.પી. સ્કીમ નં.૧૭(ફુલપાડા),ફા.પ્લોટ નં.૧૪૪ + ૧૪૫ માં આવેલ બજરંગનગર સોસાયટીનાં સબ પ્લોટ નં. ૧૫ માં પ્રથમ માળે ગેરકાયદેસર કોમર્શીયલ વપરાશ બંધ કરાવ્યો.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા સીકયુરીટી સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ.

"આંબેડકર જયંતી" નિમિત્તે તા.૧૧/૦૪/૧૭ના રોજ દરેક ઝોનનાં ડ્રેનેજ વિભાગમાં કામગીરી કરતા તમામ કર્મચારીઓની આરોગ્ય તપાસણીની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૪/૦૪/૧૭ના રોજ "આંબેડકર જયંતી" નિમિતે તા.૧૧/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં ડ્રેનેજ વિભાગમાં કામગીરી કરતા તમામ કર્મચારીઓની આરોગ્ય તપાસણીની કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૧/૦૪/૧૭ના રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય/ડ્રેનેજ વિભાગમાં ફરજ બજાવતાં તમામ ડ્રેનેજ કામદારોને ઝોનમાં આવેલ નજીકનાં હેલ્થ સેન્ટર ખાતે મોકલી સદર હેલ્થ સેન્ટરનાં મેડીકલ ઓફિસરો ધ્વારા હેલ્થ ચેકઅપ અંગેનું અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. ડ્રેનેજ કામદારોનાં હેલ્થ ચેક દરમ્યાન જે બેલદારોને વધુ સારવારની જરૂરીયાત જણાવેલ હોય તેવા બેલદારોને સ્મીમેર હોસ્પિટલ ખાતે મેડીકલ ચેક અર્થે મોકલવાની કાર્યવાહી પણ હાથ ધરવવામાં આવેલ હતી.

| મેડીકલ ચેકઅપ કામગીરી અર્થે રોકવામાં આવેલ સ્ટાફ | | ઝોનમાં ડ્રેનેજ કામદારોને હેલ્થ ચેક કર્યાની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|
| મેડીકલ ઓફિસર | સુપરવાઈઝર | | |
| ૧૪ | ૩૬ | ૨૭૪ | – |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધીઈલેકશન વોર્ડ વાઈઝઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ કરવા બાબત

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>

મા.આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રીએ તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી સફાઈ ઝુંબેશ હાથ ધરવા સુચના આપેલ હતી. જે અનુસારમા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્યઅધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનનાં નાયબ આરોગ્યઅધિકારીશ્રીઓએ તેમના ઝોનમાં આવેલ ઈલેકશન વોર્ડ વાઈઝવોર્ડનાં મુખ્યઆરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષક તથા સફાઈ કામદારોની સંયુકત ટીમો બનાવી તેમની સીધી દેખરેખ હેઠળતા.૧૦/૦૪/૧૭ના રોજ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી દરેક ઝોનમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| ઝોન | ઈલેકશન વોર્ડ નંબર | સફાઈ ઝુંબેશ | ઝુંબેશમાં રોકેલ સ્ટાફ | | નોટીશ | ઈસમ/ વહીવટી ચાર્જ | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સુપર. | કામદાર | | | | |
| અઠવા | ૧૯,૨૦,૨૧,૨૨ | ૪ | ૯ | ૫૨ | ૯ | ૧૧/૪૫૦૦ | ૨.૧૦૦ | ૨૭૦ |
| સેન્ટ્રલ | ૧૧,૧૨,૧૯,૨૦ | ૪ | ૩૪ | ૧૧૦ | ૫ | ૧૦/૨૮૦૦ | ૦.૫૫૫ | ૨૩૯ |
| વરાછા | ૩,૪,૫,૧૩,૧૪,૧૫,૧૬ | ૭ | ૧૪ | ૧૪૨ | ૨૮ | ૧૮/૪૦૦૦ | ૧.૬૦૦ | ૧૦૦૦ |
| લિંબાયત | ૧૭,૧૮,૨૪,૨૫,૨૬ | ૫ | ૧૨ | ૫૮ | ૧૨ | ૧૦/૪૭૫૦ | ૩.૩૩૦ | ૧૭૫ |
| ઉધના | ૨૩,૨૭,૨૮,૨૯ | ૪ | ૮ | ૪૬ | ૫ | ૬/૧૫૦૦ | ૧.૨૦૦ | ૫૦ |
| કતારગામ | ૨,૬,૭,૮ | ૪ | ૮ | ૨૮ | ૭ | ૧૦/૨૦૦૦ | ૧.૨૦૦ | ૭૦૦ |
| રાંદેર | ૧,૯,૧૦ | ૩ | ૨૩ | ૧૨૨ | ૪૪ | ૪૧/૮૩૦૦ | ૧.૦૭૫ | ૪૭૫ |
| **કુલ** | | **૩૧** | **૧૦૮** | **૫૮૮** | **૧૧૦** | **૧૦૬/૨૭૮૫૦** | **૧૧.૦૬** | **૨૯૦૯** |

ઉપરોકત કામગીરી દરમ્યાન**૨૯ ઈલેકશન વોર્ડવાઈઝ૩૧ સ્થળોએ** ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ કર્યા બાદ સદર રહેણાંક વિસ્તારોમાં તેઓના ઘરમાંથી નીકળતો ભીનો/સુકો કચરો એકત્રીત કરવા માટે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવામાં આવી હતી. તેમજ આ ઝુંબેશ દરમ્યાનન્યુસન્સકર્તા **૧૧૦ઈસમોને નોટીસ** પાઠવવામાં આવેલ અને **૧૦૬ ઈસમો** પાસે **૨૭,૮૫૦ વહીવટીચાર્જ** વસુલ કરવામાં આવેલ છે.

૩૭

તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી ઈલેકશન વોર્ડ વાઈઝધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કરવા બાબત

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મા.આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રીએ તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી સફાઈ ઝુંબેશ હાથ ધરવા સુચના આપેલ હતી. જે અનુસારમા.ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્યઅધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનનાં નાયબ આરોગ્યઅધિકારીશ્રીઓએ તેમના ઝોનમાં આવેલ ઈલેકશન વોર્ડ વાઈઝવોર્ડનાં મુખ્યઆરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષક તથા સફાઈ કામદારોની સંયુકત ટીમો બનાવી તેમની સીધી દેખરેખ હેઠળતા.૧૧/૦૪/૧૭ના રોજ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી દરેક ઝોનમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| ઝોન | ઈલેકશન વોર્ડ નંબર | સફાઈ ઝુંબેશ | ઝુંબેશમાં રોકેલ સ્ટાફ | | નોટીશ | ઈસમ/ વહીવટી ચાર્જ | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સુપરવાઈઝર | કામદાર | | | | |
| અઠવા | ૧૯,૨૦,૨૧,૨૨ | ૪ | ૧૧ | ૫૮ | ૯ | ૪/૪૦૦૦ | ૪.૨૦૦ | ૪૦૦ |
| સેન્ટ્રલ | ૧૧,૧૨,૧૯,૨૦ | ૪ | ૨૨ | ૧૨૦ | ૧૫ | ૧૫/૩૨૦૦ | ૦.૭૮૫ | ૫૦૫ |
| વરાછા | ૩,૪,૫,૧૩,૧૪,૧૫,૧૬ | ૭ | ૧૨ | ૧૦૦ | ૨૭ | ૩૦/૫૧૦૦ | ૨.૫૦૦ | ૧૦૬૫ |
| લિંબાયત | ૧૭,૧૮,૨૪,૨૫,૨૬ | ૫ | ૧૨ | ૫૫ | ૧૧ | ૯/૧૭૦૦ | ૩.૨૪૦ | ૧૭૫ |
| ઉધના | ૨૩,૨૭,૨૮,૨૯ | ૪ | ૭ | ૪૦ | ૧૬ | ૧૭/૪૦૦૦ | ૩.૫૦૦ | ૧૦૦ |
| કતારગામ | ૨,૬,૭,૮ | ૪ | ૭ | ૪૯ | ૮ | ૯/૧૫૦૦ | ૨.૫૦૦ | ૨૧૦ |
| રાંદેર | ૧,૯,૧૦ | ૧ | ૯ | ૧૩૫ | – | – | ૨૧.૮૦૦ | ૧૪૭૫ |
| **કુલ** | | **૨૯** | **૮૦** | **૫૫૭** | **૮૬** | **૮૪/૧૯૫૦૦** | **૩૮.૫૨** | **૩૯૩૦** |

ઉપરોકત કામગીરી દરમ્યાન**૨૯ ઈલેકશન વોર્ડવાઈઝ૨૯ સ્થળોએ** ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કર્યા બાદ સદર રહેણાંક વિસ્તારોમાં તેઓના ઘરમાંથી નીકળતો ભીનો/સુકો કચરો એકત્રીત કરવા માટે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવામાં આવી હતી. તેમજ આ ઝુંબેશ દરમ્યાનન્યુસન્સકર્તા **૮૬ઈસમોને નોટીસ** પાઠવવામાં આવેલ અને **૮૪ ઈસમો** પાસે**૧૯,૫૦૦ વહીવટીચાર્જ** વસુલ કરવામાં આવેલ છે.

:: પ્રેસનોટ ::

## ડૉ.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ ઉજવણી

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪/૦૪/૨૦૧૭ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે યોજાનાર ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદના કાર્યક્રમ

વિશ્વવિભૂતિ–મહામાનવ ભારત રત્ન પરમ પૂજય ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪મી એપ્રિલ ૨૦૧૭ને શુક્રવારના રોજ સવારે ૮.૦૦ કલાકે માનદરવાજા, રીંગરોડ, સુરત ખાતે ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. ''સમતા''ના સિધ્ધાંત પર વિશ્વશાંતિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનાર પ્રખર રાષ્ટ્રપુરૂષ, દેશના પ્રથમ કાયદામંત્રી વિદ્વાન કાયદાશાસ્ત્રી–અર્થશાસ્ત્રી, તત્વજ્ઞાની, ઈતિહાસવિદ, પ્રખરવકતા–લેખક એવા મહામાનવ ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદનાના કાર્યક્રમમાં પધારવા નગરજનોને નિમંત્રણ છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમના પ્રથમ માળ ઉપર ચલણી સિક્કાઓ અને ચલણી નોટોના પ્રદર્શનનું તા.૧૩–૦૪–૧૭ થી તા. ૨૩–૦૪–૧૭ સુધી આયોજન કરવામાં આવ્યું છે.

વિશેષ ગણી શકાય તેવા આ પ્રદર્શનમાં ભારતીય ચલણી સિક્કા અને ચલણી નોટનો ઈતિહાસ વિવિધ દેશોના સ્વાતંત્ર્યપહેલાના અને પછીના સિક્કાઓ તેમજ ચલણીનોટો, આંતર રાષ્ટ્રીય સિક્કાઓ, ૧, ૨, ૩, ૫, ૧૦, ૨૦, ૨૫, ૫૦ પૈસા તેમજ ૧ રૂા. ના સિક્કાઓ પ્રદર્શિત કરવામાં આવેલ છે.

સાયન્સ સેન્ટર સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમના પ્રથમ માળ ઉપર સદરહુ પ્રદર્શન શાળા, કોલેજના વિદ્યાર્થીઓ તથા જાહેર જનતા તા. ૧૩,૧૮,૧૯, ૨૦ અને ૨૧ એપ્રીલના રોજ સવારે ૯–૩૦ થી સાંજે ૪–૩૦ કલાક સુધી તેમજ તા. ૧૪, ૧૫,૧૬, ૨૨ અને ૨૩ ના રોજ સવારે ૧૧–૩૦ થી સાંજે ૬–૩૦ કલાક સુધી નિહાળી શકશે તથા તા. ૧૭–૦૪–૧૭ના રોજ સોમવારે અઠવાડિક રજા હોવાથી સાયન્સ સેન્ટર બંધ રહેશે.

# સુરત મહાનગરપાલિકા અને રાજય સરકારની અસરકારક રજૂઆતના પરિણામે મોબાઈલ ટાવર કંપનીઓને વેરો ભરપાઈ કરવાની ફરજ પડશે.

પ્રવર્તમાન એરીયા બેઈઝ આકારણી પદ્ધતિ હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા મોબાઈલ ટાવરની જે આકારણી કરવામાં આવતી હતી તેની સામે ભારતમાં આવેલી મોબાઈલ ટાવર કંપનીઓ દ્વારા આ આકારણી સામે નામદાર હાઈકોર્ટમાં જુદી જુદી પીટીશનો દાખલ કરવામાં આવેલ હતી. જેમાં નામદાર હાઈકોર્ટ દ્વારા એપ્રિલ – ૨૦૧૩ માં આ મુજબનો હુકમ કરવામાં આવેલ હતો. **"સ્થાનિક સ્વરાજય સંસ્થા – એટલે કે, મહાનગરપાલિકાઓ મોબાઈલ ટાવરનો વેરો ન લઈ શકે તેમજ ભરેલ નાણા પણ રીફંડ કરવા આદેશ કરેલ."**

અગાઉ નામદાર સુપ્રિમ કોર્ટમાં સુરત મહાનગરપાલિકા દ્વારા એસ.એલ.પી. કરવામાં આવતા આ કેસમાં ડિસેમ્બર–૨૦૧૬માં નામદાર સુપ્રિમ કોર્ટે મહાનગરપાલિકા મોબાઈલ ટાવરની આકારણી કરી શકે એવો ઐતિહાસિક જજમેન્ટ આપેલ અને નામદાર હાઈકોર્ટનો ચુકાદો રદ કરેલ હતો. જેના પરિણામે સુરત મહાનગરપાલિકા દ્વારા પાછલી બાકી અને ચાલુ બાકી પેટે મોબાઈલ ટાવર કંપનીઓ પાસે અત્યાર સુધીના રૂા. ૮૦/– કરોડ ભરવા બિલ નોટીસ તેમજ વોરંટ બજાવવામાં આવેલ હતા.

મોબાઈલ ટાવર કંપનીઓ દ્વારા આ સંદર્ભમાં ૧૦ થી વધુ પીટીશનો હાઈકોર્ટમાં દાખલ કરેલ હતી. જે મહાનગરપાલિકાને રાજય સરકારની અસરકારક રજૂઆતને પગલે તમામ પીટીશનો રદ કરવામાં આવેલ હતી.

મોબાઈલ કંપનીઓ દ્વારા અર્થઘટન સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં એકથી વધુ એસ.એલ.પી. કરવામાં આવેલ હતી. જેની સુનાવણી ૧૦, એપ્રિલ, ૨૦૧૭ના રોજ કરવામાં આવી હતી. નામદાર સુપ્રિમ કોર્ટમાં આ કેસો સંદર્ભમાં સુરત મહાનગરપાલિકા અને રાજય સરકારની અસરકારક રજૂઆતને નામદાર સુપ્રિમ કોર્ટે ગ્રાહય રાખતા તમામ મોબાઈલ કંપનીઓને ટેક્ષના બિલ સૌપ્રથમ ચૂકવણી કરવા આદેશ આપવામાં આવેલ છે. તેમજ આ ટેક્ષ જમા થયા પછી જ એસ.એલ.પી. દાખલ કરવા સંદર્ભમાં નિર્ણય કરવામાં આવશે એવો સ્પષ્ટ આદેશ આપેલ છે.

નામદાર સુપ્રિમ કોર્ટના આવા સ્પષ્ટ નિર્દેશને પરિણામે રાજયની તમામ મહાનગરપાલિકાઓને સુરત મહાનગરપાલિકા સહિત મોબાઈલ કંપનીઓએ પ્રથમ વેરો ભરવાની ફરજ પડશે.

જનસંપર્ક વિભાગ

સમાચાર યાદી નં. 0040

તા.૧૨-૦૪-૨૦૧૭

૪૧

"આંબેડકર જયંતી" નિમિત્તે તા.૧૨/૦૪/૧૭ના રોજ દરેક ઝોનનાં સ્લમ વિસ્તારમાં આવેલ સ્કુલો, આંગણવાડી ખુલ્લા પ્લોટોમાં સફાઈની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાંયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૪/૦૪/૧૭ના રોજ "આંબેડકર જયંતી" નિમિતે તા.૧૨/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનમાં આવેલ સ્કુલો, આંગણવાડી ખુલ્લા પ્લોટોમાં સફાઈની કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૨/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય/ઈજનેર વિભાગની સંયુકત ટીમો બનાવી સ્લમ વિસ્તારમાં આવેલ સ્કુલો/આંગણવાડી/ખુલ્લા પ્લોટોમાં ધનિષ્ઠ સાફ–સફાઈની કામગીરી કરી કચરો–કચરામિશ્રીત માટીનાં ઢગલાં ઉપડાવવામાં આવ્યા હતા તેમજ સ્કુલો/આંગણવાડીની અંદર આવેલ ટોયલેટ બ્લોકો એસિડ ફિનાઈલ લીકવીડ શોપનાં પાણીથી સ્વચ્છ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવ્યા બાદ ટોયલેટ બ્લોકમાં ડામરની ગોળી તેમજ એર ફ્રેશનર મુકવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| સ્લમ વિસ્તારમાં સફાઈ કરાવેલ સ્કુલ/આંગણવાડી/ ખુલ્લા પ્લોટની સંખ્યા | સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર આંગણવાડી/ સ્કુલ સ્ટાફ | સુપરવાઈઝર | કામદાર | અંદાજિત કચરાનો નિકાલ(મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ(કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|
| ૯૨ | ૭૫ | ૫૯ | ૩૯૭ | ૨.૭૦૦ | ૧૪૧૦ |

વધુમાં સ્કુલમાં શિક્ષકો,વિધાર્થીઓ,આંગણવાડીનાં કાર્યકર તથા વાલી મંડળનાં સભ્યોને કચરાનાં વર્ગીકરણ અને ભીનો/સુકો કચરો એકત્રિત કરવા માટે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી ઈલેકશન વોર્ડ વાઈઝધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કરવા બાબત

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મા.આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રીએ તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી સફાઈ ઝુંબેશ હાથ ધરવા સુચના આપેલ હતી. જે અનુસારમા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્યઅધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનનાં નાયબ આરોગ્યઅધિકારીશ્રીઓએ તેમના ઝોનમાં આવેલ ઈલેકશન વોર્ડ વાઈઝવોર્ડનાં મુખ્યઆરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષક તથા સફાઈ કામદારોની સંયુકત ટીમો બનાવી તેમની સીધી દેખરેખ હેઠળતા.૧૨/૦૪/૧૭ના રોજ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી દરેક ઝોનમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| ઝોન | ઈલેકશન વોર્ડ નંબર | સફાઈ ઝુંબેશ | ઝુંબેશમાં રોકેલ સ્ટાફ | | નોટીશ | ઈસમ | વહીવટી ચાર્જ | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સુપ. | કામદાર | | | | | |
| અઠવા | ૧૯,૨૦,૨૧,૨૨ | ૪ | ૧૦ | ૫૧ | ૧૦ | ૧૨ | ૧૯૦૦ | ૩.૫૦૦ | ૫૪૦ |
| સેન્ટ્રલ | ૧૧,૧૨,૧૯,૨૦ | ૪ | ૨૩ | ૧૦૩ | ૧૧ | ૧૫ | ૩૫૦૦ | ૦.૫૫૦ | ૪૭૬ |
| વરાછા | ૩,૪,૫,૧૩,૧૪,૧૫,૧૬ | ૭ | ૧૫ | ૧૪૫ | ૯ | ૧૦ | ૧૭૦૦ | ૪.૨૦૦ | ૭૩૫ |
| લિંબાયત | ૧૭,૧૮,૨૪,૨૫,૨૬ | ૫ | ૧૭ | ૫૩ | ૧૪ | ૧૭ | ૨૭૦૦ | ૩.૮૭૦ | ૨૭૫ |
| ઉધના | ૨૩,૨૭,૨૮,૨૯ | ૪ | ૭ | ૭૩ | ૭ | ૩૨ | ૫૬૦૦ | ૩.૯૦૦ | ૩૮૫ |
| કતારગામ | ૨,૬,૭,૮ | ૪ | ૮ | ૫૩ | ૧૨ | ૭ | ૧૭૦૦ | ૨.૬૦૦ | ૨૧૫ |
| રાંદેર | ૧,૯,૧૦ | ૩ | ૧૦ | ૧૦૪ | ૧૧ | ૧૪ | ૩૮૦૦ | ૨.૫૦૦ | ૪૦૦ |
| **કુલ** | | **૩૧** | **૯૦** | **૫૮૨** | **૭૪** | **૧૦૭** | **૨૦૯૦૦** | **૨૧.૧૨** | **૩૦૨૬** |

ઉપરોકત કામગીરી દરમ્યાન**૨૯ ઈલેકશન વોર્ડવાઈઝ૩૧ સ્થળોએ** ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કર્યા બાદ સદર રહેણાંક વિસ્તારોમાં તેઓના ઘરમાંથી નીકળતો ભીનો/સુકો કચરો એકત્રીત કરવા માટે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ  આપવામાં આવી હતી. તેમજ આ ઝુંબેશ દરમ્યાનન્યુસન્સકર્તા **૭૪ઈસમોને નોટીસ** પાઠવવામાં આવેલ અને **૧૦૭ ઈસમો** પાસે**૨૦,૯૦૦ વહીવટીચાર્જ** વસુલ કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

**<u>વિષય</u>** : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૧૦ થી ૧૨–૦૪–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૧૯૧ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૮૦૭ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાધ પદાર્થોનું ૯૬૦ સ્થળે ચેકીંગ કર્યુ, જે પૈકી ૨૬૩ સંસ્થાઓને નોટીસ આપી તથા ૨૭સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાધ પદાર્થ વેચતી સંસ્થાઓ ૨૧૪ ચેકી કરી જે પૈકી ૮૦ સંસ્થાઓને નોટીસ આપીતથા ૭સંસ્થાઓને બંધ કરાવેલ હતી.દુધની ડેરી– ૧૪૬ ચેકી કરી જે પૈકી ૩૧ સંસ્થાઓને નોટીસ આપીતથા ૧સંસ્થાઓને બંધ કરાવેલ હતી..બરફની ફેકટરી કુલ ૨૪ સંસ્થા ચેક કરી તે પૈકી ૬ સંસ્થાઓને નોટીસ આપી.બરફનું વેચાણ કરનાર સંસ્થા ૭૨ ચેક કરી જે પૈકી ૨૨ સંસ્થાઓને નોટીસ આપીતથા ૨સંસ્થાઓને બંધ કરાવેલ હતી.

સુરત મહાનગરપાલિકા

ઉધના-લિંબાયત ઝોન (ઉધના)

<u>અખબારી યાદી</u>

સુરત મહાનગરપાલિકાના ઉધના-લિંબાયત (ઉધના) ઝોન વિસ્તારમાં તા. ૧૩/૪/૨૦૧૬ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે

<u>વિષય</u>:- ટી.પી. રસ્તાનો કબજો મેળવવા બાબત

→ ઉધના-લિંબાયત (ઝોન) વિસ્તારમાં, [illegible] મુજબ સુરત-કડોદરા રોડ, એસ.એમ.સી. [illegible] સોસાયટી પાસે, એસ.એમ.સી. ની [illegible] ૫૦ મી. ના ટી.પી. રસ્તા [illegible] ટી.પી. રસ્તાનો કબજો મેળવવાની કામગીરી [illegible] તથા [illegible] સદર મુજબ [illegible] હતી. સદરહુ [illegible] ના આશરે ૨૩૦૦ ચો.મી. કબજો તા. ૧૩/૪/૨૦૧૬ ના રોજ એસ.એમ.સી. દ્વારા [illegible] મેળવવામાં આવેલ છે તથા સદર જગ્યાનો કબજો મેળવી રસ્તો બનાવવાની કામગીરી [illegible] કરવામાં આવેલ છે. જેથી [illegible] સુરત શહેરના [illegible] ૫૦ મી. ના ટી.પી. રસ્તા પર [illegible] ટ્રાફિક [illegible] ઉપયોગી બનશે.

સદરહુ કામગીરી [illegible] ઉધના-લિંબાયત (ઉધના) ઝોન દ્વારા કરવામાં આવેલ છે. જેમાં [illegible] વિભાગનું [illegible] મેળવવામાં આવેલ છે. [illegible] ટી.પી. વિભાગ દ્વારા [illegible] છે. [illegible] કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા (સુરત)

જાહેર સંપર્ક અધિકારી 0044

તા. ૧૩.૪.૨૦૧૬















"આંબેડકર જયંતી" નિમિત્તે તા.૧૩/૦૪/૧૭ના રોજ દરેક ઝોનમાં સ્લમ વિસ્તારમાં આંગણવાડી કાર્યકર ધ્વારા સ્વચ્છતા અને ખુલ્લામાં શૌચક્રિયા બાબતે આરોગ્ય શિક્ષણ આપવા બાબતનું અભિયાન.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૪/૦૪/૧૭ના રોજ "આંબેડકર જયંતી" નિમિતે તા.૧૩/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનમાં સ્લમ વિસ્તારમાં આંગણવાડી કાર્યકર ધ્વારા સ્વચ્છતા અને ખુલ્લામાં શૌચક્રિયા બાબતે આરોગ્ય શિક્ષણ આપવા માટેનું અભિયાન કરવા જણાવેલ હતું.

જે અંતર્ગત તા.૧૩/૦૪/૧૭ના રોજ દરેક ઝોનમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ તેમનાં ઝોનમાં આવેલ સ્લમ વિસ્તારોમાં સ્થાનિક આંગણવાડી સ્ટાફ તથા આરોગ્ય વિભાગની સંયુકત ટીમો બનાવી ઝોનમાં આવેલ જુદાં જુદાં સ્લમ વિસ્તારમાં "સ્વચ્છ સુરત–સ્વસ્થ સુરત" તેમજ ખુલ્લામાં શૌચક્રિયા ન કરવા માટેનાં વિવિધ બેનરો સાથેની રેલીઓ કાઢી જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. ત્યારબાદ આ રેલીમાં હાજર સભ્યોને સ્વચ્છતા અંગેના શપથ લેવડાવવામાં આવેલ હતાં. આ રેલી દરમ્યાન સ્લમ વિસ્તાર તથા તેની આજુબાજુ આવેલ રહેણાંક વિસ્તારમાં વસવાટકર્તાઓનાં ઘરે ઘરે જઈ તેઓનાં ઘરોમાંથી નીકળતો ભીનો/સુકા કચરાનું વર્ગીકરણ કરી તેનાં નિકાલ અર્થે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ તેમજ આરોગ્યલક્ષી શિક્ષણ આપવવામાં આવેલ હતું.

| સ્લમ વિસ્તારમાં જનજાગૃતિ રેલી | સ્લમ વિસ્તારમાં જનજાગૃતિ રેલીમાં ભાગ લેનાર | | | |
|---|---|---|---|---|
| | આંગણવાડી સ્ટાફ | સુપરવાઈઝર | સફાઈ કામદાર | NGO તથા કાર્યકર્તા |
| ૨૬ | ૧૫૦ | ૧૪ | ૫૨ | ૪૬ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી ઈલેકશન વોર્ડ વાઈઝધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કરવા બાબત

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્ય વિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>

મા.આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રીએ તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી સફાઈ ઝુંબેશ હાથ ધરવા સુચના આપેલ હતી. જે અનુસારમા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ તેમના ઝોનમાં આવેલ ઈલેકશન વોર્ડ વાઈઝ વોર્ડનાં મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષક તથા સફાઈ કામદારોની સંયુકત ટીમો બનાવી તેમની સીધી દેખરેખ હેઠળતા.૧૩/૦૪/૧૭ના રોજ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી દરેક ઝોનમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| ઝોન | ઈલેકશન વોર્ડ નંબર | સફાઈ ઝુંબેશ | ઝુંબેશમાં રોકેલ સ્ટાફ | | નોટીશ | ઈસમ | વહીવટી ચાર્જ | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સુપ. | કામદાર | | | | | |
| અઠવા | ૧૯,૨૦,૨૧,૨૨ | ૪ | ૧૪ | ૬૭ | ૧૫ | ૧૪ | ૨૦૦૦ | ૩.૮૦૦ | ૨૪૦ |
| સેન્ટ્રલ | ૧૧,૧૨,૧૯,૨૦ | ૪ | ૨૨ | ૮૮ | ૧૧ | ૧૧ | ૩૧૦૦ | ૦.૪૧૬ | ૪૫૭ |
| વરાછા | ૩,૪,૫,૧૩,૧૪,૧૫,૧૬ | ૭ | ૧૫ | ૧૧૦ | ૧૩ | ૧૭ | ૨૦૦૦ | ૫.૦૦૦ | ૧૨૦૦ |
| લિંબાયત | ૧૭,૧૮,૨૪,૨૫,૨૬ | ૫ | ૨૧ | ૫૧ | ૨૯ | ૨૩ | ૩૧૦૦ | ૪.૧૬૦ | ૪૧૦ |
| ઉધના | ૨૩,૨૭,૨૮,૨૯ | ૪ | ૯ | ૫૯ | ૧૬ | ૧૫ | ૨૮૦૦ | ૪.૯૦૦ | ૩૨૨ |
| કતારગામ | ૨,૬,૭,૮ | ૪ | ૭ | ૪૧ | ૧૪ | ૧૭ | ૨૭૦૦ | ૨.૬૦૦ | ૧૭૯ |
| રાંદેર | ૧,૯,૧૦ | ૩ | ૧૩ | ૭૨ | ૨ | ૯ | ૨૫૦૦ | ૩.૪૦૦ | ૨૦૦ |
| **કુલ** | | **૩૧** | **૧૦૧** | **૪૮૮** | **૧૦૦** | **૧૦૬** | **૧૮૨૦૦** | **૨૪.૨૮** | **૩૦૦૮** |

ઉપરોકત કામગીરી દરમ્યાન **૨૯ ઈલેકશન વોર્ડ વાઈઝ ૩૧ સ્થળોએ** ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કર્યા બાદ સદર રહેણાંક વિસ્તારોમાં તેઓના ઘરમાંથી નીકળતો ભીનો/સુકો કચરો એકત્રીત કરવા માટે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ  આપવામાં આવી હતી. તેમજ આ ઝુંબેશ દરમ્યાન ન્યુસન્સકર્તા **૧૦૦ઈસમોને નોટીસ** પાઠવવામાં આવેલ અને **૧૦૬ ઈસમો** પાસે**૧૮,૨૦૦ વહીવટીચાર્જ** વસુલ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

વિષય : માન. પ્રધાનમંત્રીશ્રીના આગામી સુરત ખાતેના પ્રવાસ સંદર્ભે સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ કામગીરી

## અઠવા ઝોન

- અઠવા ઝોનમાં શહેરના મુખ્યમાર્ગ સુરત–ડુમસ રોડ પર ONGC કોલોની પાસેની માલિકીની જગ્યામાંથી કપાત થઈ ૬૦ મી.ના BRTS રૂટ માટે પ્રાપ્ત થતી જમીનનો કબજો નહિ મળવાને કારણે BRTS રૂટની તેટલા ભાગની કામગીરી ઘણા સમયથી પેન્ડીંગ રહેલ હતી.તથા એરપોર્ટને જોડતા સદર મુખ્ય માર્ગમાં તેના કારણે ટ્રાફિકની સમસ્યા ઉભી થતી હતી સદરહુ જગ્યાનો અંદાજે ૨૭૦૦ ચો.મી.જગ્યાનો કબજો તા.૧૩/૦૪/૨૦૧૭ના રોજ ઓ.એન.જી.સી. સાથે સમજુતીથી મેળવવામાં આવેલ છે તથા સદર જગ્યાનો કબજો મેળવી  રસ્તો બનાવવાની કામગીરી તાત્કાલિક શરૂ કરી દેવામાં આવેલ છે જેથી એરપોર્ટને જોડતા સુરત શહેરના હાર્દ સમા ૬૦ મી.ના ટી.પી.રસ્તા પર સર્જાતી ટ્રાફિક સમસ્યા હળવી બનશે
- અઠવા ઝોનમાં મગદલ્લા પોર્ટ જંકશન ONGC બ્રિજની બંન્ને બાજુ રાહુલરાજ મોલ પાસે સરગમ શોપિંગ સેન્ટર પાસે વિગેરે સ્થળોએ મીલીંગ કરી પેવર ફીનીશરથી કામગીરી કરવામાં આવી તથા ફુટપાથ,ડિવાઈડરને મરામત કરી કલર કામ કરવામાં આવેલ છે.

## સેન્ટ્રલ ઝોન

- સેન્ટ્રલ ઝોન ખાતે ૧.અઠવા ગેટ, L&T આઈલેન્ડ ,૨.મજુરા ગેટ ખાતે જનશકિત આઈલેન્ડ ૩.ચીડીયાકુઈ ખાતે સ્વર્ણિમ (કળશ),૪.યતીમખાનાની સામે નવા ફુવારાની રોશની સહિત રીનોવેશનની કામગીરી કરવામાં આવેલ છે.
- મહાવીર હોસ્પિટલ સામે ગાર્ડ સ્ટોન તથા રીપેરીંગ કામ,ડિવાઈડરનું કલર કામ,ફુટપાથ તેમજ રસ્તા પરના વૃક્ષોની ટ્રીમીંગ તથા જુના લોખંડના બિનજરૂરી પિંજરા દુર કરવાની કામગીરી
- રસ્તાના વોટર ટેબલ રીસેટ તેમજ ફુટપાથ પેવર બ્લોક રીસેટ કરવાની,લાઈટ પોલ કલર કરવાની જંકશન બોર્ડ રીપેર કરવાની,ઝાડના થડને ગેરુ/ચુનો કરવાની તથા લારી–ગલ્લા દુર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

- વધુમાં (૧)માન દરવાજા ડાૅ આંબેડકરજીના સ્ટેચ્યુની આજુબાજુમાં ડીવાઈડરમાં ગ્રેનાઈટનુ ફ્લોરીંગકામ ૧૫૦ ચો.મી.(૨)સહારા દરવાજા ચોતરો બનાવ્યો.(૩) સહારા દરવાજા બ્રિજની નીચે પી.સી.સી.કામગીરી ૪૦૦ ચો.મી.(૪) પટેલવાડી થી કતારગામ જુની ઝોન ઓફિસ સુધી જુની કોટની દિવાલ પર રંગરોગાન ૧૨૦૦ ચો.મી.(૫) ચીડીયાકુઈ સામે રેલ્વેની દિવાલ રીપેરીંગ કામગીરી ૧૮ ચો.મી.(૬) અઠવાગેટ બ્રિજ નીચે એપ્રોચની પેરાપીટની ધારે ચેકર્ડ ટાઈલ્સ લગાડવાનું કામ ૩૦૦.ચો.મી.(૭) અઠવા ગેટ ફલાય ઓવર બ્રિજના કુલ–૬ પીલરનું કલર કામ કરવામાં આવેલ છે.

## કતારગામ ઝોન

- કતારગામ ઝોન ખાતે કિરણ હોસ્પિટલ–રામકૃષ્ણ સર્કલ થી બાળાશ્રમ સુધી,જુની ઝોન ઓફિસ થી મેઘવાળ કોલોની સુધી,વસ્તાદેવડી રોડ,ગાયત્રી ડેપો થી ટોરેન્ટ પાવર તરફ જતો રસ્તો એમ કુલ ૧૮૨૫ મી.રસ્તો રીકાર્પેટ કરવામાં આવ્યો.
- નગીના વાડી થી રામકૃષ્ણ સર્કલ સુધી,નગીના વાડી સર્કલ થી સ્કેટીંગરીંગ સુધી,રામકૃષ્ણ સર્કલ થી ગાયત્રી મંદિર ચાર રસ્તા સુધી સ્કેટીગ રીંગ થી ગાયત્રી મંદિર ચાર રસ્તા સુધી, ગાયત્રી મંદિર થી કોમ્યુનિટી હોલ સુધી કુલ ૧૦૨૫ મી.રસ્તો એ.સી.સી.રોડ બનાવવામાં આવ્યો.
- જુની ઝોન ઓફિસ રોડ,વસ્તાદેવડી રોડ,ગાયત્રી ડેપો થી ટોરેન્ટ પાવર સુધી,કિરણ મેડીકલ થી સ્કેટીંગ રીંગ સુધી અને ત્યાંથી ગાયત્રી મંદિર ચાર રસ્તા સુધી, કિરણ હોસ્પિટલ થી ગાયત્રી ડેપો સુધી ૧૫૯૦ મી. ફુટપાથ તૈયાર કરવામાં આવેલ.
- ગાયત્રી ડેપો થી ટોરેન્ટ પાવર સુધી,વસ્તાદેવડી રોડ,ટોરેન્ટ પાવર થી મેઘવાળ કોલોની સુધી કુલ ૮૫૦ મી.ગાર્ડસ્ટોન બનાવવામાં આવેલ છે.કિરણ હોસ્પિટલની સામે,કિરણ હોસ્પિટલ થી મેઘવાળ કોલોની,ગાયત્રી ડેપોથી ટોરેન્ટ પાવર સુધી,કિરણ હોસ્પિટલથી સ્કેટીંગરીંગ,જુની ઝોન ઓફિસ થી મેઘવાળ કોલોની સુધી,કિરણ હોસ્પિટલથી કાંસાનગર સુધી,એસ.આર.કે– તરણકુંડ થી ગાયત્રી ડેપો,કોમ્યુનિટી હોલ થી શ્યામ મારબલ,ગાયત્રી ડેપો થી મહેતા પેટ્રોલપંપ સુધી કુલ ૧૭૭ નંગ એલ.ઈ.ડી.લાઈટ ફીટ કરવામાં આવેલ છે તથા ૧૭૨ નંગ બેનરો દુર કરેલ છે.

## આરોગ્ય વિભાગ

- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા.૧૦/૦૪/૨૦૧૭ થી તા.૧૭/૦૪/૨૦૧૭ દરમ્યાન શહેરના ૨૯ વોર્ડમાં કર્મચારીઓ તથા કોર્પોરેટરશ્રીઓ ધ્વારા ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે
- ONGC સર્કલથી ઈચ્છાપોર ચાર રસ્તા અને ત્યાંથી સુરત હિરાબુર્સ ભાટપોરના રૂટ પર છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન સાત ટીમ ધ્વારા કુલ ૬૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ તથા દુકાનોમાં કચરા પેટી પર સ્વચ્છ ભારત મિશનનાં સ્ટીકર લગાડવામાં આવેલ છે.
- સરકીટ હાઉસની પાછળ આવેલ નદી કિનારા પર પણ આરોગ્ય વિભાગ ધ્વારા સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

## લાઈટ વિભાગ

- સમગ્ર રૂટની કુલ ૧૩૪૧ સોડીયમ સ્ટ્રીટલાઈટ ફીટીંગને એનર્જી એફીસિયન્ટ LED થી રીપ્લેસ કરવાની કામગીરી તથા સ્ટ્રીટલાઈટ પોલને સિલ્વર પેઈન્ટિગ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.
- આજ રૂટના દરેક ચોથા સ્ટ્રીટલાઈટ પોલ પર સુરત મહાનગરપાલિકા ધ્વારા ઊર્જા બચતને લગતી કામગીરીઓની ટુંકી વિગત દર્શાવતા ૫× ૪ ફુટની સાઈઝમાં LED બેકલીટ સહિતના કિયોસ્ક લગાડવામાં આવેલ છે.
- એરપોર્ટથી ONGC સુધી અને કોર્ટ બિલ્ડીગ થી સરકીટ હાઉસ સુધીના રોડ પર આકર્ષક ટેમ્પરરી રોડ સરફેસ લાઈટિંગનું આયોજન કરવામાં આવેલ છે.
- ડુમસ થી અઠવા ગેટ સુધી દરેક સ્ટ્રીટલાઈટ પોલ પર ફલડ લાઈટ ધ્વારા એકસ્ટ્રા લાઈટિંગ કરવામાં આવેલ છે.
- ONGC થી SVNIT સુધીના BRTS રૂટ પર આવેલ બસ શેલ્ટરના એન્ટ્રી ગેટ પર LED સ્ક્રીન મુકી સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ વિશિષ્ટ પ્રકારની માહિતી દર્શાવવામાં આવનાર છે.
- રૂટના રોડ પર આવતા ઝાડ તેમજ BRTS રૂટ પરની ગ્રીનરીને ફલાવર પોટ્સને આકર્ષક રોશનીથી સુશોભન કરવામાં આવેલ છે.

## ગાર્ડન વિભાગ

- બ્રિજ બ્યુટીફીકેશનના ભાગરૂપે અઠવાગેટ ફલાય ઓવર બ્રિજના ૧૮૦૦ ચો.ફુટમાં ૧૮૦૦૦ પ્લાન્ટ છ પીલર ઉભા કરેલ છે.આ વર્ટિકલ ગાર્ડનમાં બલ્ગેરીયા, કોલરોફાયતુમ, મીની

સાયગોનીયમ ગ્રીન,પેપરરોમીયા સ્કેન્ડન્સ, ફિનો ડેલ્ડ્રોનસીરોમ, વ્હાઈટ સીગ્નોનીયમ, સ્કાફલેરા,પીંગ સીંગ્નોનીયમ જેવા ૭ પ્રકારના પ્લાન્ટેશન લગાડવામાં આવશે

- વર્ટિકલ ગાર્ડન નર્મદ લાયબ્રેરી અને સાયન્સ સેન્ટર ખાતે તૈયાર કરવામાં આવેલ છે.
- એરપોર્ટ થી મગદલ્લા ચાર રસ્તા સુધી,અઠવા ગેટથી પાર્લેપોઈન્ટ બ્રિજ સુધી,દિલ્હીગેટ થી લાલ દરવાજા ફ્લાય ઓવર બ્રિજના લાઈટ પોલ ઉપર ૧૦૦૦ હેન્ગીંગ બાસ્કેટ તથા ૧૫ હેન્ગીંગ ટ્રી લગાડવામાં આવેલ છે

## એનર્જી એફીશીયન્સી સેલ

- ઘરે ઘરે રૂફટોપ સોલાર લગાડવા માટે ગુજરાતમાં સૌથી વધુ ૨૧૬૮ અરજીઓ સુરત મહાનગરપાલિકાને મળેલ છે.
- ૩.૬ મેગાવોટ સોલાર પ્લાન્ટના શુભારંભ સાથે કુલ મળી ૦૫ મેગાવોટ સોલાર પાવર પ્લાન્ટ લગાવનાર સુરત મહાનગરપાલિકા
- શહેરી વિસ્તારમાં કુલ ૫૫૦૦ LED લગાડવામાં આવેલ છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈ.ડબલ્યુ.એસ–૧ અને ૨ મળી કુલ –૮૧૦૯ આવાસોનું આયોજન કરવામાં આવેલ છે.

## મુખ્યમંત્રી આવાસ યોજના

- સુરત મહાનગરપાલિકા ધ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈ.ડબલ્યુ.એસ. સ્કીમમાં ૨૨૯૬ આવાસો, એલ.આઈ.જી.સ્કીમમાં ૮૭૨૧ આવાસો મળી કુલ–૧૧૦૧૭ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે.
- મુખ્યમંત્રી ગૃહ યોજના અતંર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા બાંધવામાં આવેલ ૧૧૦૧૭ આવાસો પૈકી એલ.આઈ.જી.સ્કીમમાં રાંદેર ઝોનમાં –૧૩૮૮,અઠવા ઝોનમાં –૪૯૩૪, કતારગામ ઝોનમાં –૧૫૭૫,લિંબાયત ઝોનમાં–૭૪૦ તથા વરાછા ઝોનમાં –૮૪ અને ઈ.ડબલ્યુ.એસ. સ્કીમમાં રાંદેર ઝોનમાં –૩૦૦,અઠવા ઝોનમાં –૨૭૨,કતારગામ ઝોનમાં–૨૭૬, લિંબાયત ઝોનમાં –૭૦૪ તથા ઉધના ઝોનમાં–૭૪૪ આવાસો બાંધવામાં આવેલ છે.

- સુરત મહાનગરપાલિકા ધ્વારા તબકકાવાર આજદિન સુધીમાં કોમ્પ્યુટરાઈઝ ડ્રો કરી એલ.આઈ.જી. સ્કીમનાં ૮૬૭૦ તથા ઈ.ડબલ્યુ.એસ સ્કીમનાં ૨૨૯૬ મળી કુલ ૧૦૯૬૬ આવાસો ની ફાળવણી કરેલ છે.
- આજદિન સુધીમાં ફાળવણી કરેલ આવાસો પૈકી એલ.આઈ.જી. સ્કીમમાં ૬૪૦૮ લાભાર્થીઓ તથા ઈ.ડબલ્યુ.એસ સ્કીમમાં  ૧૯૯૨ લાભાર્થીઓ મળી કુલ ૮૪૦૦ લાભાર્થીઓ ધ્વારા આવાસના પુરેપુરી રકમ ભરપાઈ કરવામાં આવેલ છે.
- જુદી–જુદી બેંકો ધ્વારા આજદિન સુધીમાં કુલ ૭૦૨૪ લાભાર્થીઓને લોન આપવામાં આવેલ છે.
- મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા નિર્મિત એલ.આઈ.જી. સ્કીમની કુલ ૩૦ સાઈટોના ૮૭૨૧ આવાસો તથા ઈ.ડબલ્યુ.એસ સ્કીમની ૭ સાઈટોના ૨૨૯૬ આવાસો મળી કુલ ૧૧૦૧૭ પુરેપુરા આવાસોનું લોકાર્પણ થઈ ગયેલ છે જે પૈકી એલ.આઈ.જી. સ્કીમના  ૫૭૭૮ તથા ઈ.ડબલ્યુ.એસ સ્કીમના ૧૭૮૪ મળી કુલ ૭૫૬૨ લાભાર્થીઓના "કન્વયેન્સ ડીડ " (દસ્તાવેજ) બનાવવામાં આવેલ છે.જે પૈકી ૭૩૦૭ લાભાર્થીઓને આવાસનો કબજો સોપવામાં આવેલ છે
- એલ.આઈ.જી. આવાસ પેટે થયેલ આવક –રૂા.૫૬૬.૯૨ કરોડ
- ઈ.ડબલ્યુ.એસ આવાસ પેટે થયેલ આવક– રૂા.૭૦.૧૫ કરોડ
- કુલ આવક–રૂા.૬૩૭.૦૭ કરોડ
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ સ્થળો એ કુલ ૮૧૦૯ આવાસો તૈયાર કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે જે પૈકી પાંચ સાઈટો પર ખાતમુહૂર્ત કરી કામગીરી શરૂ કરી દેવામાં આવેલ છે.
- માન.વડાપ્રધાનશ્રીએ ભારતને વર્ષ ૨૦૨૨ પહેલા દરેકને ઘર આપવાનો સંકલ્પ કરેલ છે અને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત શહેરમાં ખુબ મોટી સંખ્યામાં આવાસોનું નિર્માણ થનાર છે ત્યારે લોકલાડીલા માન.પ્રધાનમંત્રીશ્રીના આગમન પ્રસંગે સુરત મહાનરગપાલિકા ધ્વારા નવી પહેલ ધ્વારા ઈ.ડબલ્યુ.એસ.આવાસના રજીસ્ટ્રેશન માટે મેગા કેમ્પનું આયોજન કરેલ જેને ખુબ બહોળો પ્રતિસાદ મળેલ છે.
- ભારત રત્ન ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતિ નિમિત્તે મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના સંકલનથી મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત ઈ.ડબલ્યુ.એસ.ની સાઈટો ખાતે

કો–ઓ હાઉસીંગ સર્વિસ સોસાયટીની રચના અંગે મેગા કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતુ અને ૨૯ જેટલી કો–ઓ સર્વિસ હાઉસીંગ સોસાયટીની રચના કરવામાં આવેલ આ અગાઉ પણ તા.૨૧/૦૩/૨૦૧૭ ના રોજ મેગા કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેના રજીસ્ટ્રેશનની કાર્યવાહી હાલ ચાલુ છે જે પૂર્ણ થયા બાદ સોસાયટીને ફંડ ટ્રાન્સફર કરવા અંગેની કાર્યવાહી સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવી રહી છે.સુરત શહેરમાં એલ.આઈ.જી./ ઈ.ડબલ્યુ.એસ. ખાતે ૧૯૫ જેટલી કો–ઓ સર્વિસ હાઉસીંગ સોસાયટીની રચના કરવાની રહે છે.જે પૈકી ૧૦૦ જેટલી કો–ઓ સર્વિસ હાઉસીંગ સોસાયટીની રચનાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

## હાઉસીંગ વિભાગ

- શહેરમાં આવેલ ૬૧૦૦ ટેનામેન્ટ રીડેવલોપ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

## આઈ.એસ.ડી. વિભાગ

- માન.પ્રધાનમંત્રીશ્રીના ડિઝીટલ ઈન્ડીયા કાર્યક્રમ અન્વયે સુરત મહાનગરપાલિકા ધ્વારા સીટી સિવીક સેન્ટર,ઈ–ટેન્ડરીંગ,ઈન્ફોરર્મેશન કીઓસ્ક,મોબાઈલ ટેક્ષ કલેકશન વાન, SMC હેલ્પ લાઈન,એમ ગર્વનન્સ,વર્ચ્યુઅલ સિવિક સેન્ટર,મોબાઈલ એપ,સફલ મોબાઈલ એપ,વાઈફાઈ સુરત, જી.આઈ.એસ. (જીઓગ્રાફીકસ ઈન્ફોર્મેશન સીસ્ટમ),SMAC સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.

## કેશલેસ

- સુરત મહાનગરપાલિકાના કોન્ટ્રાકટર સપ્લાય વગેરેને ૯૮% પેમેન્ટ RTGS/NEFT ધ્વારા કરવામાં આવેલ છે અને તેમના મોબાઈલ નંબર પર SMS ધ્વારા જાણ કરવામાં આવે છે.
- સુરત મહાનગરપાલિકાની ઓનલાઈન સેવા ધ્વારા શહેરીજનો તેમના વેરા,ફી,ચાર્જીસ પેમેન્ટ કરી શકે છે.
- કોમન સીટી પેમેન્ટ કાર્ડ તરીકે સુરત મની કાર્ડનું આયોજન
- સુરત મહાનગરપાલિકા ધ્વારા કેશલેસ માટે બેંકર્સ શહેરીજનો સાથે ૧૦૫ કેમ્પનું આયોજન

- દરેક ઝોનમાં સીટી સિવીક સેન્ટર પર કેડિટ/ડેબિટ કાર્ડ ધ્વારા પેમેન્ટ થાય તે માટે POS મશીનો મુકેલ છે.

## સ્માર્ટ સીટી

- સ્માર્ટ સીટી મિશનની પ્રથમ વર્ષગાંઠ ૨૫ જુન ૨૦૧૬ નિમિતે બે પ્રોજેકટસ,સ્માર્ટ સીટી સેન્ટર ખર્ચ (રૂા.૩૨ કરોડ) તથા ઈન્ટેલીજન્ટ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સીસ્ટમ (ખર્ચ રૂા.૪૯ કરોડ )ના પાયલોટ ડેમો લોન્ચ કરવામાં આવેલ તથા સ્માર્ટ સીટી મિશનની બીજી વર્ષગાંઠ ૨૫ જુન ૨૦૧૭ નિમિત્તે અંદાજિત રૂા.૩૫૨ કરોડના ૧૨ પ્રોજેકટ લોન્ચ કરવાનું આયોજન છે.
- હાલમાં અંદાજિત રૂા.૭૩૮ કરોડના કુલ ૧૩ પ્રોકજેકટસ પ્રગતિ હેઠળ છે.અંદાજિત રૂા.૩૯૧ કરોડના ૦૬ પ્રોજેકટસ ટેન્ડર પ્રકિયા હેઠળ છે.અંદાજિત રૂા.૫૬૨ કરોડના કુલ ૦૬ પ્રોજેકટસ માટે ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.
- અંદાજિત રૂા.૪૯૮ કરોડના કુલ ૦૫ પ્રોજેકટસ ટેન્ડર લેવલે તથા અંદાજિત રૂા.૩૮૯ કરોડના કુલ ૦૮ પ્રોજેકટ ડી.પી.આર. લેવલે છે.સ્માર્ટ સીટી મિશનની બીજી વર્ષગાંઠ ૨૫ જુન ૨૦૧૭ દરમ્યાન મોટાભાગના સ્માર્ટ સીટી પ્રોજેકટસ પ્રગતિ હેઠળ હશે.

| | | |
|---|---|---|
| | Surat SMART CITY | |

૪૯

# પ્રેસ નોટ

## સુરત મહાનગરપાલિકા

### લાઈટ એન્ડ એનર્જી એફિસિયન્સી સેલ

### શહેરમાં આવેલ સ્ટ્રીટલાઈટનું LED માં રૂપાંતરણ કરવાની કામગીરી

| |
|---|
| ➢ Energy Efficiency Services Limited (EESL) ને શહેરમાં આવેલ કુલે ૯૦,૦૦૦ જેટલા જુદી જુદી ક્ષમતાના જૂના તેમજ લાઈફસ્પાન પૂર્ણ થયેલ હોય તેવા બિનકાર્યક્ષમ કન્વેશનલ સ્ટ્રીટલાઈટ ફીટીંગન્સને એનર્જી એફિસીયન્ટ LED સ્ટ્રીટલાઈટ ફીટીંગન્સથી રીપ્લેશ કરવાની કામગીરીની સોંપણી. |
| ➢ સુરત મહાનગરપાલિકાના કોઈ કેપીટલ ખર્ચ વગર ESCO બેસીઝ પર કામગીરીની સોંપણી. |
| ➢ સ્ટ્રીટલાઈટ સીસ્ટમ માટે સેન્ટ્રલી કંટ્રોલ મોનીટરીંગ સીસ્ટમ (CCMS) નો સમાવેશ. |
| ➢ વાર્ષિક ૧.૫ કરોડ યુનિટની વિજબચત થકી વાર્ષિક રૂ. ૯ કરોડની વિજબિલમાં બચત.<br>➢ કન્વેશનલ સ્ટ્રીટલાઈટ ફીટીંગન્સ કરતાં વધુ લાઈફ.<br>➢ વધુ ટકાઉપણું.<br>➢ અલ્ટ્રા વાયોલેટ અને ઈન્ફ્રા-રેડ રેડીયેશનનું ખુબ જ ઓછુ પ્રમાણ, આમ વધુ ઈકો ફ્રેન્ડલી. |
| ➢ સદર કામગીરી અંતર્ગત ૨૦ દિવસથી પણ ઓછા સમયગાળા દરમ્યાન "સ્માર્ટ સીટી" એરીયામાં ૫૫૦૦ એનર્જી એફિસીયન્ટ LED સ્ટ્રીટલાઈટ ફીટીંગન્સનું ઈંસ્ટોલેશન |
| |





# સુરતમહાનગરપાલિકા નાં મચ્છર નિયંત્રણ એકશન પ્લાન અંતર્ગત કોમર્શીયલ મિલકતોના સર્વે કામગીરીની પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ ઝોનમાં મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે એકશન પ્લાન અંતર્ગત કોમર્શીયલ મિલકતોના સર્વેની કામગીરીકરવામાં આવી હતી જેમાં–૨૮૬૬ કોમર્શીયલ મિલકતોનો સર્વે કરવામાં આવ્યો જે માંથી ૯૦૯૮ બ્રિડીંગસ્પોટનો સર્વે કરી ૧૦૯ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો તથા મચ્છરજન્ય પરિસ્થિતિ માટે રૂ. ૧,૯૨,૮૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.**

vસેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આલ્ફા હોટલ,સ્ટેશન– સ્ટેશન સ્કેવર,સ્ટેશન, સુરૂચી પ્રા.લી., ધ્રુવ ઓટો,સગરામપુરા, માર્કેટ.

–ઉધના ઝોન વિસ્તારમાં તિવારીનગર, સિલિકોન શોપર્સ, બ્રેડ લાઈનર, મહાલક્ષ્મી માર્કેટ, મનભાવન સ્વીટ, ગુજરાત ટાયર્સ, ગૌતમ હાઉસ, ગુરુકૃપા બિલ્ડીંગ, અક્ષર શોપીંગ, વિનાયકનગર, વૃંદાવન રેસી., માધવ કોમ્પ્લેક્ષ, રાજેશ્વર પ્લાઝા, ડી– માર્ટ, ઈશાના બિઝનેશ હબ, વિધાતા કોમ્પ્લેક્ષ, સાંઈ સ્કવેર, સફારી કો., રિધ્ધિ સિધ્ધિ , શ્રીજી કો., ઉમિયા રેસી. , ઓમ કોમ્પ., સ્લોક રેસી. , મિલન પોઈંટ, સિધ્ધિ વિનાયક પ્લેટિનિયમ, એ વન હોટલ, રોયલ રેસી., નેશનલ પ્લાઝા, હલીમા રેસી., આકાશ પૃથ્વી,તિરુપતિ પ્લાઝા, અનુપમ સીટી, મહાવીર સ્વીટ, ભોલેનાથ આઈસક્રીમ.

–લિંબાયત ઝોન વિસ્તારમાં મહાપ્રભુનગર ૪/૧/૬, સાંઈખાતુ માર્કેટ , સોમેશ્વર માર્કેટ , સાંકેત માર્કેટ , ૪૫૧ માર્કેટ મિલેનીયમ ૨ માર્કેટ , અયોધ્યાનગર, અંબિકાનગર , પરષતોમનગર, એસકેનગર, સંતોષનગર, પર્વત પ્લાઝા, શીવદર્શન સોસા, રાજપુત ફળીયું ,ભવાની નગર, ધીરજ નગર.

–અઠવા ઝોન વિસ્તારમાં સોલારીષ પીપલોદ, શ્રીજી મોટર્સની બાજુમાં, ફોરસીઝન બિલ્ડીંગ, મેકડોનલ્સ, બી મોર ધોડોદોડ રોડ, રાજહંસ ઓરનેટ ડુમસ રોડ, નવમંગલ શોપીંગ સીટીલાઈટ, હેર એન્ડ બ્યુટી સલુન, સીટીલાઈટ, કલાઈસીક કોમ્પલેક્ષ, વી.આઈ.પી.પ્લાઝા, ફોર પોઈન્ટ, પેલેડીયમ, અનુપમ સ્કવેર, સમર્થ એકવીટીસ, રીચમોર, વેસ્ટ ફીલ્ડ, રાજમંદિર, રાજમહલ, નારાયણ સ્કવેર, આગમ સ્કવેર, આગમ આર્કેડ, એસએનએસ સ્કવેર, રીલાઈન્સ મોલ, રાહુલ રાજ મોલ, સેન્ટ્રલ મોલ, રાજ મંદિર શોપીંગ, ઈસ્કોન મોલ, વીઆરમોલ, ડેકથોલોન, એસ.કે. ઈન્ડસ્ટ્રીઝ, શ્રી રામ ઈન્ડસ્ટ્રીઝ, અંબિકા ઈન્ડસ્ટ્રીઝ, મંગલદાસ શોપીંગ સેન્ટર, હંસરાજ ઓલ્મપીયા.

–વરાછા ઝોન વિસ્તારમાં રોયલ પ્લાજા સિમાડા,ન્યુ બોમ્બેમાર્કટ,એમ.ડી.ટાવર,બજરંગનગર,બાપાસીતારામ કોમ્પલેક્ષ, મારૂતિ

કોમ્પલેક્ષ નનવરાછા,ગ્લોબસ પોઈંટ,તુલશીઆર્કેડ.

–૨૮૬૬ કોમર્શીયલ મિલકતોનો સર્વે કરવામાં આવ્યો જે માંથી ૯૦૯૮ બ્રિડીંગસ્પોટનો સર્વે કરી ૧૦૯ બ્રિડીગનો

નાશ કરવામાં આવ્યો.

– આરોગ્ય રક્ષણ સંબંધી ૧૫૧ નોટિસ આપવામાં આવી.

– મચ્છરજન્ય પરિસ્થિતિ માટે રૂ. ૧,૯૨,૮૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

–૯૪૪ કોમર્શીયલ મિલકતોમાં આરોગ્ય રક્ષણ સંબંધી શિક્ષણ આપવામાં આવ્યું..

–૯૯૨૬ વ્યકિતઓ ને મચ્છરજન્ય રોગ અને તેના નિયંત્રણ અંગે માહિતી આપવામાં આવી.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી ઈલેકશન વોર્ડ વાઈઝધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કરવા બાબત

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્ય વિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>

મા.આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રીએ તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી સફાઈ ઝુંબેશ હાથ ધરવા સુચના આપેલ હતી. જે અનુસારમા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ તેમના ઝોનમાં આવેલ ઈલેકશન વોર્ડ વાઈઝ વોર્ડનાં મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષક તથા સફાઈ કામદારોની સંયુકત ટીમો બનાવી તેમની સીધી દેખરેખ હેઠળતા.૧૪/૦૪/૧૭ના રોજ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી દરેક ઝોનમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| ઝોન | ઈલેકશન વોર્ડ નંબર | સફાઈ ઝુંબેશ | ઝુંબેશમાં રોકેલ સ્ટાફ | | નોટીશ | ઈસમ | વહીવટી ચાર્જ | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સુપ. | કામદાર | | | | | |
| અઠવા | ૧૯,૨૦,૨૧,૨૨ | ૪ | ૧૦ | ૫૪ | ૭ | ૧૨ | ૧૮૦૦ | ૩.૦૦૦ | ૧૫૦ |
| સેન્ટ્રલ | ૧૧,૧૨,૧૯,૨૦ | ૪ | ૧૯ | ૭૮ | ૧૬ | ૧૧ | ૩૪૦૦ | ૦.૯૦૦ | ૪૪૩ |
| વરાછા | ૩,૪,૫,૧૩,૧૪,૧૫,૧૬ | ૭ | ૧૩ | ૧૨૧ | ૮ | ૨૧ | ૩૦૦૦ | ૪.૧૦૦ | ૮૨૫ |
| લિંબાયત | ૧૭,૧૮,૨૪,૨૫,૨૬ | ૫ | ૨૦ | ૬૦ | ૧૩ | ૧૨ | ૧૨૦૦ | ૩.૬૪૦ | ૧૯૬ |
| ઉધના | ૨૩,૨૭,૨૮,૨૯ | ૪ | ૯ | ૭૪ | ૧૦ | ૧ | ૩૦૦ | ૩.૯૫૦ | ૬૯૪ |
| કતારગામ | ૨,૬,૭,૮ | ૪ | ૮ | ૩૧ | ૬ | ૭ | ૧૩૦૦ | ૦.૮૦૦ | ૧૧૫ |
| રાંદેર | ૧,૯,૧૦ | ૩ | ૧૧ | ૧૦૬ | ૨ | ૧૨ | ૩૦૦૦ | ૪.૫૦૦ | ૪૦૦ |
| **કુલ** | | **૩૧** | **૯૦** | **૫૨૪** | **૬૨** | **૭૬** | **૧૪૦૦૦** | **૨૦.૮૯** | **૨૮૨૩** |

ઉપરોકત કામગીરી દરમ્યાન **૨૯ ઈલેકશન વોર્ડ વાઈઝ ૩૧ સ્થળોએ** ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કર્યા બાદ સદર રહેણાંક વિસ્તારોમાં તેઓના ઘરમાંથી નીકળતો ભીનો/સુકો કચરો એકત્રીત કરવા માટે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવામાં આવી હતી. તેમજ આ ઝુંબેશ દરમ્યાન ન્યુસન્સકર્તા **૬૨ઈસમોને નોટીસ** પાઠવવામાં આવેલ અને **૭૬ ઈસમો** પાસે**૧૪,૦૦૦ વહીવટીચાર્જ** વસુલ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મા.આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રીએ તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી સફાઈ ઝુંબેશ હાથ ધરવા સુચના આપેલ હતી. જે અનુસારમા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ તેમના ઝોનમાં આવેલ ઈલેકશન વોર્ડ વાઈઝ વોર્ડનાં મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષક તથા સફાઈ કામદારોની સંયુકત ટીમો બનાવી તેમની સીધી દેખરેખ હેઠળતા.૧૫/૦૪/૧૭ના રોજ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી દરેક ઝોનમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| ઝોન | ઈલેકશન વોર્ડ નંબર | સફાઈ ઝુંબેશ | ઝુંબેશમાં રોકેલ સ્ટાફ | | નોટીશ | ઈસમ | વહીવટી ચાર્જ | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સુપ. | કામદાર | | | | | |
| અઠવા | ૧૯,૨૦,૨૧,૨૨ | ૪ | ૮ | ૪૭ | ૧૨ | ૬ | ૬૦૦ | ૨.૫૦૦ | ૧૩૦ |
| સેન્ટ્રલ | ૧૧,૧૨,૧૯,૨૦ | ૪ | ૧૪ | ૫૮ | ૨૨ | ૧૩ | ૪૧૦૦ | ૦.૮૩૦ | ૪૪૧ |
| વરાછા | ૩,૪,૫,૧૩,૧૪,૧૫,૧૬ | ૭ | ૯ | ૧૨૦ | ૧૫ | ૧૯ | ૪૬૦૦ | ૪.૯૦૦ | ૭૫૦ |
| લિંબાયત | ૧૭,૧૮,૨૪,૨૫,૨૬ | ૫ | ૧૯ | ૬૭ | ૨૫ | ૧૮ | ૨૧૫૦ | ૧.૫૦૦ | ૨૯૬ |
| ઉધના | ૨૩,૨૭,૨૮,૨૯ | ૪ | ૩ | ૧૫ | ૨ | ૨ | ૫૦૦ | ૧.૩૦૦ | ૧૫૦ |
| કતારગામ | ૨,૬,૭,૮ | ૪ | ૮ | ૩૫ | ૮ | ૮ | ૧૪૦૦ | ૧.૨૦૦ | ૧૩૫ |
| રાંદેર | ૧,૯,૧૦ | ૩ | ૧૩ | ૯૮ | ૪ | ૧૫ | ૩૪૦૦ | ૪.૧૦૦ | ૪૭૫ |
| **કુલ** | | **૩૧** | **૭૪** | **૪૪૦** | **૮૮** | **૮૧** | **૧૬૭૫૦** | **૧૬.૩૩** | **૨૩૭૭** |

ઉપરોકત કામગીરી દરમ્યાન **૨૯ ઈલેકશન વોર્ડ વાઈઝ ૩૧ સ્થળોએ** ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કર્યા બાદ સદર રહેણાંક વિસ્તારોમાં તેઓના ઘરમાંથી નીકળતો ભીનો/સુકો કચરો એકત્રીત કરવા માટે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવામાં આવી હતી. તેમજ આ ઝુંબેશ દરમ્યાન ન્યુસન્સકર્તા ***૮૮ઈસમોને નોટીસ*** પાઠવવામાં આવેલ અને ***૮૧ ઈસમો*** પાસે**૧૬,૭૫૦ વહીવટીચાર્જ** વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમ** |

**<u>વિષયઃ</u> <u>માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમના તા.૦૭/૦૪/૨૦૧૭ થી તા.૧૩/૦૪/૨૦૧૭ સુધીની કરેલ કામગીરી અને આવકની માહિતી</u>**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૦૭/૦૪/૨૦૧૭ થી તા.૧૩/૦૪/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૨,૨૧,૪૦૬/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૨૪,૬૯૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૦૯.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૨૯.૯૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૧૦૫ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૬૮,૩૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અનેપશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખળતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ –૧૯૫૧ ની કલમ – ૯૦ (એ)(૧) મુજબ –૦૮ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ .

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૩,૩૩૦ અને ૫,૧૬૨ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૭૮,૯૪૦/– અને રૂા.૨,૦૩,૭૦૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૮૨,૬૪૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

# પ્રેસનોટ

મુખ્ય મંત્રી ગૃહ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા LIG/EWS ના આવાસો લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. આ આવાસના રહીશોમાં પોતીકાપણાની ભાવના ઉભી થાય તથા આવાસોના કોમન વપરાશના ભાગો જેવા કે, દાદર, પેસેજ, ટેરેસ, પાર્કિંગ, વિગેરે નિયમિત સાફ સફાઈ તેમજ લાઈટ, લીફ્ટ વિગેરેની યોગ્ય રીતે જાણવણી થાય તે જરૂરી છે. જેથી આવાસો સારી સ્થિતિમાં જળવાય રહે તેવા ઉમદા હેતુસર સુરત મ હાનગરપાલિકા જે તે આવાસના રહીશોને કો-ઓ. હાઉસિંગ સર્વિસ સોસા.ના રહીશોની રચનાની કામગીરીમાં મદદરૂપ થઇ રહેલ છે.

મા.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સુરત શહેરની મુલાકાતે આવનાર છે. આ સોનેરી પર્વ ઉજવવા સૌ થનગની રહ્યા છે. જેની શાનદાર ઉજવણીમાં સુરત મહાનગરપાલિકા પણ કદમ મિલાવી રહ્યું છે.તેવા રૂડા અવસરે આજરોજ તા.૧૪/૦૪/'૧૭ ભારત રત્ન, વિશ્વરત્ન, બૌધિસત્વ ભારતના બંધારણના ઘડવૈયા પિતા ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જયંતી નિમિત્તે સુરત મહાનગરપાલિકાના યુસીડી વિભાગ, એફોર્ડેબલ હાઉસિંગ સેલ અને અન્ય વિભાગના સંકલનથી "મુખ્ય મંત્રી ગૃહ યોજના" અંતર્ગત સુરત શહેરની LIG/EWS ની ૦૮ સાઈટ ખાતે કો-ઓ. હાઉસિંગ સર્વિસ સોસા. રચના અંગે મેગા કેમ્પનું મહા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આજરોજ ૨૯ જેટલી કો-ઓ. હાઉસિંગ સર્વિસ સોસા. રચનાની કામગીરી કરવામાં આવી. આ અગાઉ તા.૨૧/૦૩/'૧૭ ના રોજ મેગા કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

સુરત શહેરમાં LIG/EWS અંતર્ગત ૯૦ જેટલી કો-ઓ. હાઉસિંગ સર્વિસ સોસા.ની રચનાની કામગીરી કરવામાં આવેલ છે.